આંક ૨ નું અનુસંધાન

—॥ **ઠરાવ** ॥—

૧. આ કામના આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા મુજબનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે. જે કામે આરોપી હાજર થતાં સદરહુ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનું તથા ગરીબ, કુટુંબ-કબીલાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે.

૨. આરોપી જણાવે છેકે ભુલ થી સદર બનાવ બનેલ છે, હવે હું કાળજીપુર્વક વાહન હંકારીશ, અને ટ્રાફીક ના તમામ નિયમનો નું પાલન કરીશ, હું આ કામે હવે બીજી વખતે ભુલ થી પણ આવો ગુનો નહિ કરું, અને તે ખાત્રી આપુ છું, વધુ માં આપ સાહેબ ને હું જાહેર કરું છું કે અગાઉ મે આ મુજબ ના ગુના માં સંડોવાયેલ નથી તેમજ અગાઉ મને આ મુજબ ના ગુના માં સજા કરવામાં આવેલ નથી ", વધુ માં આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છિક જણાઈ આવે છે.

૩. કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશિત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપી ને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

—॥ **હુકમ** ॥—

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૭૯ મુજબ ના ગુના માં દોષિત ઠરાવી આરોપી ને કોર્ટ ઉઠતા સુધી ની સજા તથા આરોપી ને રૂા. ૧૦૦૦/–( એક હજાર ) નો દંડ નો હુકમ કરવામાં આવે છે

૨. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૩૭ મુજબ ના ગુના માં દોષિત ઠરાવી આરોપી ને કોર્ટ ઉઠતા સુધી ની સજા તથા આરોપી ને રૂા. ૫૦૦/– ( પાંચ સો) નો દંડ નો હુકમ કરવામાં આવે છે

૩. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ ૨૫૨ અન્વયે મોટર વેહીકલ એક્ટ ની કલમ ૧૭૭ અને ૧૮૪ મુજબ ના ગુના માં દોષિત ઠરાવી આરોપી ને આરોપી ને રૂ..૧૦૦/-(સો). નો દંડ નો હુકમ કરવામાં આવે છે

૪. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ ૨૫૨ અન્વયે મોટર વેહીકલ એક્ટ ની કલમ ૧૩૪-બી મુજબ ના ગુના માં દોષિત ઠરાવી આરોપી ને આરોપી ને રૂ.૫૦૦/-(પાંચ સો). નો દંડ નો હુકમ કરવામાં આવે છે

૫. જો આરોપી દંડ ની રકમ ભરવામાં કસુર કરે તો આરોપી ને ૧૦(દશ) દિવસ ની સાદી કેદ ની સજા નો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

૯।૩।૧૯

અમદાવાદ,
તા. ૦૯/૦૩/૧૯

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ
કોર્ટ નંબર ૯, Unique Code No. GJOO854.

Rs- 2100/- Rec
R.No. 1